e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 101
May 11, 2007

## સરદાર પટેલ મ્યુઝીયમમાં "સિકકાઓ–નોટો" નું પ્રદર્શન



સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમને તેના હાલના સ્થળે ૫૧ વર્ષ પૂર્ણ થયેલ હોય, આ નિમિત્તે તા.૫/૫/૨૦૦૭ના રોજ મા.મેયરશ્રી કનુભાઈ માવાણીના હસ્તે "સિકકાઓ–નોટો"ના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. પ્રદર્શનમાં ડે.મેયરશ્રી,સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, આસી. કમિશ્નરશ્રી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, તેમજ મ્યુનિસીપલ સદસ્યશ્રીઓ,ચેરમેનશ્રીઓ,ડે.કીમશ્નરશ્રી,આસી.કમિશ્નરશ્રીતથા શહેરીજનો ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં નવા સમાવિષ્ટ થયેલ મોજે–પાલનપુર વિસ્તારમાં રે.સ.નં. ૫૦/૧ બ્લોક નં. ૭૮+૭૯ પૈકીમાં આવેલ પ્રશાંત સોસાયટીના સબ પ્લોટ નં.૩૩૩ તથા ૩૩૪ વાળી મિલ્કતના મિલ્કતદારોશ્રી રમેશભાઈ કુંવરજીભાઈ જાવિયા તથા શ્રી મનસુખભાઈ કુંવરજીભાઈ જાવિયા સ્થળે હયાત ગ્રા.ફલોર+પ્રથમ માળ ઉપર બીજા માળનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ તેમજ હયાત ગ્રા.ફલોર ઉપર રહેણાંકની જગ્યાએ કોર્મશીયલ–૩ દુકાનોના ઈરાદે શર્ટસ લગાડવાના કામગીરી કરવા ટી.ડી.ઓ નં. ૧, તા.૨૪/૪/૦૭ થી મિલ્કતદારોને મનાઈહુકમ તથા ટી.ડી.ઓ નં.૨, તા.૨૪/૪/૦૭ થી કારણદર્શક નોટીસ આપી બાંધકામ બંધ કરવા સૂચના...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની વ્યવસાય વેરાની ઝુંબેશ



ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૩/૨૦૦૭ નાં હુકમ અનુંસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૦૫/૦૫/૨૦૦૭નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ ઝુંબેશ મેળાની શરૂઆતમાં ઝોનલ ચીફ આસી.કમિશ્નર શ્રી સી. વાય. ભટ્ટે સૌને આવકારી. બાકી કરદાતાઓને વ્યવસાય વેરો ભરવા અપીલ કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર),સુરત મહાનગર સેવા સદનની આપત્તિ વ્યવસ્થાપન અંગેની કામગીરી



પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરી દ્વારા ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અંતર્ગત આપવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર, નવા વિસ્તાર સહિત આશરે ૫૧.૦૦ ચો.કી.મી. વિસ્તારમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે એક વર્કશોપનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે આર્ઝીસ હેલ્થ કલબ, અડાજણગામ ચાર રસ્તા નજીક યોજવામાં આવેલ. આ વર્કશોપમાં ધારાસભ્યશ્રી ધનસુખભાઈ પટેલ અને શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા તથા પશ્ચિમ ઝોનના વિસ્તારના તમામ ૧૨ મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહયા હતા. આ ઉપરાંત આ વર્કશોપમા પશ્ચિમ ઝોન કચેરીના અધિકારીઓ સાથે સરકારના અન્ય વિભાગો જેમકે રાંદેર પોલીસ વિભાગ, રાંદેર જી.ઈ.બી. વિભાગ અને ફાયર બિગ્રેડના અધિકારીઓ હાજર રહેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની વ્યવસાય વેરાની ઝુંબેશ



ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૩/૨૦૦૭ નાં હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અતંર્ગત તા.૦૮/૦૫/૨૦૦૭નાં રોજ ઈસ્ટ (વરાછા) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ ઝુંબેશ મેળાની શરૂઆતમાં ઈ.ચા.મુખ્ય દુકાનધારા નિરીક્ષક શ્રી ડી.સી.પટેલે હાજર રહેલ તમામ વ્યવસાયકર્તાઓને આવકારી આ સમાધાન યોજના અંગે વિસ્તૃત માહિતી આપી બાકી વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધીમાં નવા રજીસ્ટ્રેશન કરાવવા અને વેરો ભરપાઈ કરવા અપીલ કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર પટેલ મ્યુઝીયમમાં "સિકકાઓ–નોટો" નું પ્રદર્શન

સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમને તેના હાલના સ્થળે ૫૧ વર્ષ પૂર્ણ થયેલ હોય, આ નિમિત્તે તા.૫/૫/૨૦૦૭ના રોજ મા.મેયરશ્રી કનુભાઈ માવાણીના હસ્તે "સિકકાઓ–નોટો"ના પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ. પ્રદર્શનમાં ડે.મેયરશ્રી,સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, આસી. કમિશ્નરશ્રી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, તેમજ મ્યુનિસીપલ સદસ્યશ્રીઓ,ચેરમેનશ્રીઓ,ડે.કીમશ્નરશ્રી,આસી.કમિશ્નરશ્રીતથા શહેરીજનો ઉદ્દ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

આ પ્રદર્શનમાં ભારતના પ્રાચીન સમયના સિકકાઓથી માંડીને આજના સમયના સિકકાઓ, મોહેંજો–દડોના શીલ, પંચમાર્ક, ક્ષત્રપ, કુશાણ, ગુપ્તકાળ, મોગલ, બ્રિટીશ વગેરે સિકકાઓ, વિવિધતા ધરાવતા સિરિયલ નંબરોવાળી, છાપકામની ભુલોવાળી ભારતની દુર્લભ ચલણી નોટો વિગેરે પ્રદર્શિત કરવામાં આવેલ છે. પ્રદર્શન તા.૫/૫/૨૦૦૭ થી ૨૦/૫/૨૦૦૭ સુધી રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૪૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે અને સોમવાર તેમજ જાહેર તહેવારના દિવસે બંધ રહેશે.

આ તમામ સિકકાઓ તથા નોટોનો સંગ્રહ સુરતના શ્રી રામ અવતાર જૈનનો છે. તેઓ છેલ્લા ચાળીસ વર્ષથી આ પ્રવૃતિ સાથે સંકળાયેલા છે.



# સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ

## (સ્થાપના – ૧૮૯૦)

જે શહેરને જરી ગોલ્ડ સિટી, ડાયમંડ સિટી વગેરે ઉપનામોથી નવાજવામાં આવે છે તે સુરત 'સુરતનું જમણ' ધારી તો સુરતની' જ,'ઊંધિયું' અને પોંક અને પતંગએ સુરતની પ્રજાની રસિકતા વ્યકત કરે છે. આજે વિશ્વના નકશા પર ઔધોગિક વિકાસાની દ્દષ્ટિએ પોતાનું આગવું સ્થાન ધરાવે છે તે સુરત તેની એતિહાસિક કલાકૃતિઓ માટે પણ મશહૂર છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન શહેરના ચોકબજાર ખાતે આવેલું છે. મૂળ વિન્ચેસ્ટર મ્યુઝિયમ તરીકે ઓળખાતા આ સંગ્રહસ્થાનની સ્થાપના ૧૮૯૦માં થઈ હતી. ૧૯૫૨માં સુરત બરો મ્યુનિસિપાલટીએ તેની શતાબ્દી ઉજવણી બાદ કલાકૃતિઓ એકત્ર કરવા માંડતા ઈ.સ. ૧૯૫૬માં તેનું મકાન આર.સી.સી.નું બનાવ્યું જેનું ઉદઘાટન ૬ મે ના રોજ ત્યારના રેલ્વે પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું અને ત્યારે જ આનું નામ સરદાર પટેલ સંગ્રહાલય રખાયું હતું.

**આ મ્યુઝિયમમાંથી ૧૯૫૯, ૧૯૬૮, ૧૯૭૦, ૧૯૯૪, ૧૯૯૮માં તેમજ ઓગસ્ટ ૨૦૦૪ અને ૨૦૦૬માં આવેલી રેલને કારણે ઘણી દુર્લભ કૃતિઓ ઓછી કરવી પડી હતી. પૂર પછીથી સ.વ.પટેલ મ્યઝિયમ તા. ૨જી ઓકટોબર ૨૦૦૬થી પુનઃ જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું.** આજે આશરે ૧૨,૦૦૦ જેવા નમૂનાઓ અહી સંગ્રહિત છે, જેમા તાંબા પિત્તળના વાસણો, પોર્સિલીન, સિક્કાઓ, કાચકામ, હાથીદાંત, સુખડકામ, ચિત્રકામ વગેરે કલાકૃતિઓ અલગ અલગ વિભાગમાં પ્રદર્શિત કરી છે, જે ૧૬થી ૨૦મી સદીની છે. ૨૦૦૪માં વાતાનુકૂલિત સુરત સિટી ગેલેરીનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ ગેલેરીમાં સુરત વિકાસયાત્રા, સુરતનો યુરોપિયન સમાજ, સુરતના દસ્તાવેજો જેવી રસપ્રદ બાબતો આવરી લેવામાં આવી છે. હવે સુરતની વધુ કલાકૃતિઓ સંગ્રહિત કરવાના ઉદ્દેશ્યથી સુરત મહાનગરપાલિકા દ્વારા આગમી વર્ષ ૨૦૦૮ દરમિયાન સિટીલાઈટ વિસ્તારમાં સાયન્સ સેન્ટર મ્યુઝિયમ, પ્લેનેટોરિયમ અને આર્ટ ગેલેરી જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવનાર છે.

**હાલમાં આયોજીત પ્રદર્શનનાં સંગ્રાહક સુરતના શ્રી રામઅવતાર બી. જૈન છે**

| | | |
|---|---|---|
| નામ | : | રામઅવતાર બી. જૈન |
| ઉંમર | : | ૫૭ વર્ષ |
| કાર્યક્ષેત્ર | : | ફિલાટેલી અને ન્યુમેસ્ટીક ડેવલપમેન્ટ |
| કાર્ય સહયોગ | : | મારા શોખને મારી પત્ની શ્રીમતિ સ્નેહલતાબહેન જૈને સંપૂર્ણ સહયોગ અને પ્રેરણા આપી. |
| શોખ | : | ઈન્ડિયન સ્ટેટ કોર્ટ ફી, દસ્તાવેજી, હિસ્ટોરિકલ ડોકયુમેન્ટ, પ્રતિષ્ઠિત વ્યકિતઓના ઓટોગ્રાફસ |
| સિધ્ધિ | : | ગુજપેક્ષ ગોલ્ડ મેડલ, નેશનલ–સિલ્વર મેડલ, ઈન્ટરનેશનલ સિલ્વર મેડલ |
| વિશિષ્ટતા | : | એરર પેપર મની |
| પ્રેરણા | : | ઈ.સ.૧૯૬૫માં શ્રી લાલા લજપતરાયની સ્ટેમ્પ પ્રસિધ્ધ થયેલી તેમાંથી પ્રેરણા મળી. |
| કેળવણી | : | અશોકભાઈ બયાનવાળા (કલકત્તાવાળા) (પાસ્ટ પ્રેસીટન્ટ ઓફ ગુજરાત ફિલાટેલી એસોસીએશન) કે જેમણે લાર્જ ગોલ્ડ, ગોલ્ડ, સિલ્વર વિગેરે મેડલો મેળવ્યા છે. |
| અનુભવ | : | ૧૯૮૦ ની આસપાસ મુંબઈ સ્થિત એક મોટા ડીલરને મારૂં બધું જ કલેકશન મોટી રકમમાં આપવા તૈયાર થયો હતો. પરંતુ કોઈક કારણસર સોદો ન થયો અને તે જ ઘટના મારા માટે તે સમયે દુઃખદ અને હાલમાં સુખદ છે. આ શોખ કેળવવા માટે વેસ્ટ પેપર વ્યવસાય પણ કર્યો હતો અને મોટે ભાગે વેસ્ટ પેપર અને ભંગારવાળામાંથી વસ્તુઓ મળી આવે છે. |
| ફાયદાઓ | : | આ શોખ કેળવવાથી માનસીક શાંતિ, સમયનો સદઉપયોગ, ખોટા વ્યસનોથી છુટકારો, નવી નવી જાણકારી, પરસ્પર મિત્રતા જેવાં અનેક ફાયદઓ થાય છે. |
| ભણતા વિદ્યાર્થીઓ માટે | : | હું પોતે આઠમાં ધોરણમાં ભણતો હતો ત્યારથી આ શોખ છે. ટી.વી ફિલ્મ, ગેમ્બલીંગ, ચેટીંગ તથા અન્ય પ્રવૃત્તિઓમાં સમય વ્યસ્ત કરવા કરતા જીંદગીનો કિંમતી સમય ફિલાટેલી ન્યુમેસ્ટીક શોખ કેળવીને જીવનની કેળવણી સાથે દેશ, સમાજ અને પરિવારનું હિત કરો. |
| શું કરવું ? | : | પોતાને કયા વિષયમાં શોખ છે. જેમ કે, સ્ટેમ્પ કોઈન્સ, કરન્સી, એન્ટીક વિગેરે કોઈપણ વસ્તુના શોખ માટે એક નિયમ છે – ઘરની જાણકારી, પડોશની જાણકારી, સોસાયટીની જાણકારી, વિસ્તારની જાણકારી દેશની જાણકારી મેળવ્યા પછી પોતાના ઘરે શું છે તે જુઓ, બહાર જુઓ, અન્યોને જઓ અને શોખ કેળવતા રહો. |

**રામ અવતાર બી. જૈન (ફિલાટેલીસ્ટ એન્ડ ન્યુમિસ્મેટીસ્ટ)**
ઓફિસ : ૩૧૩૭, રઘુકુલ ટેક્ષટાઈલ માર્કેટ, કમેલા દરવાજા, રીંગરોડ, સુરત
રહેઠાણ : સી/જી/૧, કેદારનાથ એપાર્ટમેન્ટ, વીર ભગતસિંહ રોડ, અડાજણ, સુરત
ફોન : ૨૭૬૬૩૬૫, મોબાઈલ : ૯૩૭૭૭ ૬૬૩૬૫

# ચલણી નાણાની વિકાસગાથા

સુરત મહાનગર સેવાસદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમને તેના હાલના સ્થળે ૫૧ વર્ષ પુર્ણ થયેલ હોય, આ નિમિત્તે તા.૫.૫.૨૦૦૭ ના રોજ મા.મેયરશ્રી કનુભાઈ માવાણીના હસ્તે "સિક્કઓ–નોટો" ના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ, જેમાં મુખ્યત્વે પ્રાચીન સમયના સિક્કાઓ, મોહેંજો–દડોના શીલ, પંચમાર્ક, ક્ષત્રપ, કુશાણ, ગુપ્તકાળ, મોગલ, બ્રિટીશ વગેરે સિક્કાઓ તેમજ ભારતની વિવિધ સમયની ચલણી નોટો, છાપકામની ભૂલોવાળી ચલણી નોટો, ક્રમિક સિરિયલ નંબરોવાળી ચલણી નોટો તેમજ દુર્લભ હુંડીઓ પ્રદર્શિત કરવામાં આવી છે.પ્રદર્શન તા.૫.૫.૨૦૦૭ થી ૨૦.૫.૨૦૦૭ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે અને સોમવાર તેમજ જાહેર તહેવારના દિવસે બંધ રહેશે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. અને સમાજમાં રહીને પોતાનો વિકાસ સાધે છે. પ્રારંભિક અવસ્થામાં માનવ જંગલમાં વસવાટ કરતો હતો અને આમતેમ ભટકીને પોતાનું જીવન ગુજારતો હતો. તે સમયે તેને પોતાની જરૂરિયાતના સ્થાયી સંગ્રહનું કોઈ જ્ઞાન ન હતું. ભૂખ લાગે ત્યારે શિકાર કરી પેટ ભરતો અને તરસ લાગે ત્યારે તળાવ કે નદી કિનારા તરફ દોડતો હતો. તેમજ ગરમી ઠંડી કે વરસાદથી કોઈ બખોલમાં સંતાઈ રહેતો. આ સમયગાળામાં ન તો તેનું કોઈ ઘર હતું કે ન તો કોઈ કુટુંબ હતું. બસ ગમે ત્યાં રહેતો.અને ગમે ત્યાં ભરતો રહેતો.

ધીરે ધીરે માનવી પોતાની લાગણીઓને સમજતો થયો અને તેને સ્થાયી સ્વરૂપ આપતો થયો. સમય જતા માનવીને એક બીજાની જરૂરિયાત જણાતા અન્ય માનવીઓ સાથે વસવાટ કરતો થયો. જેથી કાળક્રમે તેનું કુટુંબ થયું, ઘર બન્યું, પરિણામે અન્ય કુટુંબો સાથે નાના મોટા સમુહોમાં રહેવા લોગ્યો અને ત્યાં ખેતી પશુપાલન દ્વારા સ્થાયી જીવન ગાળવા લાગ્યો અને તેમાંથી જ ગામો અને નગરો સજાર્યા હવે માનવીને જીવન નિર્વાહ માટે વિવિધ વસ્તુઓની જરૂરિયાત ઉભી થઈ અને તેમાંથી કેટલીક તે પોતે તૈયાર કરતો, જયારેકેટલીક વસ્તુઓ તે અન્ય વ્યકિતઓ પાસેથી મેળવતો હતો. આ માટે તે અન્ય વ્યકિતઓને પોતાની વસ્તુઓ આપીને તેના બદલામા તે પોતાની જરૂરિયાતની વસ્તુઓ મેળવતો હતો. આમ, ધીમે ધીમે માનવી ગ્રામવાસી અને નગરવાસી અવસ્થામાં પ્રવેશ્યો. સમય બદલતા માનવીએ પશુપાલન, કંભારકામ, વસ્ત્રકામ, મોચીકામ, ખેતીકામ વગેરે વિદ્યાઓમાં નિપુણતા મેળવી અને તેને કારણે જુદી જુદી શકિત ધરાવતા માનવજૂથો અસ્તિત્વમાં આવ્યા. અને જિવનનિર્વાહની બાબતમાં સહકારનું તત્વ પ્રવેશ્યું પરિણામે સમાજમાં વિનિમયની પ્રથા શરૂ થઈ. આજે પણ ઘણા ગામોમાં એક વસ્તુના બદલામાં બીજી વસ્તુઓ લેવાની પ્રથા ચાલે છે. ઘણી જગ્યાઓ અનાજના બદલામાં ફળો વેચાય છે. જૂના કપડા આપીને તેના બદલામાં વાસણો ખરીદવામાં આવે છે. આ બદલા પધ્ધતિ તે જ વિનિમયનું પ્રથમ પગથીયું.

સમય જતાં આ પ્રથામાં અનેક મુશ્કેલીઓ જણાવા લાગી. જેમાં વસ્તુના બદલામાં બીજી વસ્તુની કિંમત નક્કી કરવામાં માનવીને મુશ્કેલી પડવા લાગી જેથી ઘણી વખત તેને નુકશાનમાં ઉતરવું પડતું. પરિણામે વેચનાર અને ખરીદનાર બન્નેને સંતોષે એવા વિનિમય પધ્ધતિમાં ક્રાંતિકારી ફેરફારો થયા. શરૂઆતમાં પશુને વિનિમયના માધ્યમ તરીકે પસંદ કરવામાં આવ્યું. વેદકાળમાં માનવીની મિલ્કત ગાયમાં અંકાતી હતી. ગ્રામ્યજીવન જીવતા માનવ સમુહોમાં પશુ વિનિમયું સાધન બન્યું જયારે સૈનિકોમાં ઘોડો વિનિમયનું સાધન ગણાયું. ધોરે ધીરે અનાજ અને પશુનો વિનિમયના માધ્યમ તરીકેનો ઉપયોગ સર્વત્ર સ્વીકારાયો. વર્તમાન વર્તમાન સમયમાં પણ ગોદાનનું મહત્વ પ્રસંગોપાત જોવા મળે છે. ગાયના બદલામાં શકિત પ્રમાણે સોનું કે ચાંદી બ્રાહમણોને આપવામાં આવે છે. સિક્કાના ક્રમિક વિકાસનું આ બીજું પગથીયું. સમય જતાં આ પ્રથામાં પણ ઘણી મુશ્કેલીઓ સર્જાવા લાગી. દરેકને વસ્તુઓ આપવા કે લેવામાં એક અથવા બીજી રીતે અસંતોષ રહેતો હતો. દરેકને પોતાની વસ્તુના બદલામાં પશુની જરૂરિયાત ન પણ હોય અને વસ્તુનું મુલ્ય પશુમાં અંકાતા પશુઓનું પ્રમણ પણ સચવાતું નહીં, ઉપરાંત થોડા જ મૂલયની વસ્તુ માટે ગાયનું એકમ મોટું પડતું હતું. આથી માનવીને જરૂરિયાત કરતા વધારે વસ્તુ લેવી પડતી અથવા આપવી પડતી હતી. પરિણામે આ માધ્યમ પણ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યું અને તેની જગ્યાએ વિનિમયના માધ્યમ તરીકે ધાતુની શોધ થતાં વિનિમય પ્રથામાં અદ્‌ભૂત પરિવર્તન આવ્યું. સિક્કાના ક્રમિક વિકાસનું ત્રીજું પગથિયું.

વિનિમયના સાધન તરીકે ધાતુનો ઉપયોગ શરૂ થતાં માનવીએ કંઈક રાહત અનુભવી. કારણકે ધાતુના ચોક્કસ ટુકડાઓમાં થવા લાગી. ધાતુના ટુકડાઓના લાંબા સમય સુધી સાચવી રાખવામાં સરળતાપડતી અને સાથે સાથે પશુધનની જેમ તેને સાચવવામાં કોઈ ખર્ચ થતું ન હતું આથી વિનિમયના માધ્યમ તરીકે ધાતુનો ઉપયોગ માનવીને આર્શીવાદ સમાન નિવડયો અને તેને પરિણામે સિક્કાઓનો જન્મ થયો. વિનિમયના માધ્યમ તરીકે ધાતુનો ઉપયોગ શરૂ થતાં સોના ચાંદીનું મહત્વ વધ્યું. ભારતમાં ઘણા પ્રાચીન સમયથી સોનાનું મહત્વ અંકાયું છે. હુડપ્પા અને લોથલની સંસ્કૃતિઓના અવશેષોમાંથી પણ સોનાના ઘરેણા મળ્યા છે. શરૂઆતમાં ધાતુનો ઉપયોગ જથ્થા તરીકે થતો એટલે કે વસ્તુને ખરીદતી વખતે તેના વારોવારનેં સોનું તોલીને આપવામાં આવતું. જેમ જેમ સોનાનું મુલ્ય વધતું ગયું તેમ તેમ વજનમાં તેનું પ્રમાણ ઓછુ થતું ગયું આ કારણે ઓછી કિંમતી ધાતુની જરૂરિયાત ઉભી થઈ, તેને પરિણામે વિનિમય પ્રથામાં ચાંદી હને તાંબાનો ઉપયોગ થવા લાગ્યો અને ત્યારબાદ ધાતુને તોલવાનો પ્રશ્ન પણ ઉભો થયો એટલે કુદરત પ્રાપ્ય જે બીજ એકસરખા વજનનું જણાયું એનો ઉપયોગ થવા લાગ્યો અને બીજના નામ ઉપરથી ધાતુના જથ્થાને તે નામ આપવામાં આવ્યું પરંતુ આ પ્રથામાં પણ કેટલીક ક્ષતિઓ રહેવાને કારણે ધાતુના ટુકડાને છાપ મારવાની પધ્ધતિ અમલમાં આવી. આ છાપ કોઈ જવાબદાર સત્તાના નામની મારવામાં આવતી. પરિણામે વજનની ચોકસાઈ અને ધાતુની ગુણવત્તાની ખાતરી પ્રાપ્ત થઈ. આમ, સિક્કાનો જન્મ થયો એટલેકે સિક્કાના વિકાસનું ચોથું અને અંતિમ પગથીયું





## પશ્ચિમ ઝોન(રાંદેર),ની કામગીરી

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં નવા સમાવિષ્ટ થયેલ મોજે–પાલનપુર વિસ્તારમાં રે.સ.નં. ૫૦/૧ બ્લોક નં. ૭૮+૭૯ પૈકીમાં આવેલ પ્રશાંત સોસાયટીના સબ પ્લોટ નં.૩૩૩ તથા ૩૩૪ વાળી મિલ્કતના મિલ્કતદારોશ્રી રમેશભાઈ કુંવરજીભાઈ જાવિયા તથા શ્રી મનસુખભાઈ કુંવરજીભાઈ જાવિયા સ્થળે હયાત ગ્રા.ફલોર+પ્રથમ માળ ઉપર બીજા માળનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ તેમજ હયાત ગ્રા.ફલોર ઉપર રહેણાંકની જગ્યાએ કોર્મશીયલ–૩ દુકાનોના ઈરાદે શર્ટસ લગાડવાના કામગીરી કરવા ટી.ડી.ઓ નં. ૧, તા.૨૪/૪/૦૭ થી મિલ્કતદારોને મનાઈહુકમ તથા ટી.ડી.ઓ નં.૨, તા.૨૪/૪/૦૭ થી કારણદર્શક નોટીસ આપી બાંધકામ બંધ કરવા સૂચના આપી છતાં મિલ્કતદારો દ્વારા સ્થળે ગેરકાયદેસર બાંધકામ જારી રાખતા, આજરોજ મિલ્કતદારોને ટી.ડી.ઓ નં. ૨૦૮, તા.૦૪/૦૫/૦૭ થી કલમ– ૩૮૭ પ્રમાણે એન્ટ્રી નોટીસ આપી સ્થળ પરનું બીજા માળનું આશરે ૧૨૬૦ ચો.ફુટ સ્લેબના ઈરાદે કરવામાં આવેલ સળીયા–સેન્ટરીંગ દુર કરી ચણતરની આંતરીક દિવાલો દુર કરવામાં આવેલ તેમજ હયાત ગ્રા.ફલોર ઉપર રહેણાંકના ઈરાદે કોર્મશીયલ હેતુસર બનાવવામાં આવેલ ૦૩(ત્રણ) દુકાનોના શર્ટસ દુર કરવામાં આવેલ તેમજ ગેરકાયદેસર બાંધકામ સબબની કાર્યવાહી પેટે મિલ્કતદારો પાસેથી રૂા.૨૦,૦૦૦/–વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. વધુમાં,વરીયાવ ખાતે સંચુકા ફળીયા પાસે કુદરતી વરસાદી પાણીના વહેણમાં અવરોધ રૂપ દબાણો દૂર કરવામાં આવેલ. જેનાથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો સળરતાથી નિકાલ થઈ શકશે.

ઉપરોકત કામગીરી ઉપરાંત રાંદેર મેઈન રોડ ઉપર નવયુગ કોલેજ નજીક સત્યમ–શિવમ ની ગલીમાં જાહેર રસ્તા–ફુટપાથ ઉપર બિનઅધિકૃત રીતે ઉભા રહેતા ૨૨ (બાવીસ) જેટલા લારી–ગલ્લા વાળાઓનું દબાણ પણ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી ઝોનલ ચીફશ્રીની સૂચના અનુસાર કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોન તેમજ રાંદેર ઝોનના દબાણ સ્ટાફ તેમજ સીકયોરીટી સ્ટાફની મદદથી શાંતીપૂર્ણ રીતે કામગીરી પાર પાડવામાં આવેલ છે.

TOP

# સેન્ટ્રલ ઝોનની વ્યવસાય વેરાની ઝુંબેશ



ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૩/૨૦૦૭ નાં હુકમ અનુંસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૦૫/૦૫/૨૦૦૭નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ ઝુંબેશ મેળાની શરૂઆતમાં ઝોનલ ચીફ આસી.કમિશ્નર શ્રી સી. વાય. ભટ્ટે સૌને આવકારી. બાકી કરદાતાઓને વ્યવસાય વેરો ભરવા અપીલ કરી હતી. ત્યારબાદ આ સમાધાન યોજના અંગે વિસ્તૃત માહિતી આપી બાકી વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધીમાં નવા રજીસ્ટ્રેશન કરાવવા અને વેરો ભરપાઈ કરી આ સમાધાન યોજનાનો બાકી કરદાતાઓ મહત્તમ લાભ લ્યે તે માટે હાજર રહેલ વ્યવસાયકર્તાઓને પણ તેઓના તથા આસપાસની સંસ્થાઓ કે મિત્ર સંબંધીઓને પણ સમાધાન યોજનાની જાણકારી આપી વ્યવસાય વેરો ભરાવવા અંગે ડેપ્યુટી કમિશ્નર (પ.અનેઈ.)અને નોડલ ઓફિસર(વ્યવસાય વેરા) શ્રી સી.જે. ગામીતે અપીલ કરી હતી.

આ પ્રસંગે મા.કમિશ્નર એસ.અપર્ણાએ પણ હાજર રહેલ તમામ વ્યવસાયકર્તાઓને આવકારી પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અન્વયે જે વ્યવસાયીઓએ પોતાનો વ્યવસાય વેરો ભરવાનો રહી ગયેલ હોય કે બાકી હોય અને વેરો ભરવાને પાત્રતા ધરાવતા હોય તેવા વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધી તેઓનો વ્યવસાય વેરો ભર્યેથી વ્યાજ તેમજ દંડની રકમ ભરવામાંથી મુકિતની સરકારશ્રીએ જાહેરાત કરી છે. તેનો મહત્તમ લાભ લેવા તથા જે રીતે ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ કે અન્ય કરવેરાઓ વ્યકિતગત જવાબદારી સમજી ભરવામાં આવે છે. તે રીતે વ્યવસાય વેરો પણ ભરપાઈ કરી રાષ્ટ્ર, રાજય કે શહેરના વિકાસના કામોમાં ભાગીદાર બની તેવો ગર્વ મહેસુસ કરવા અપીલ કરી હતી. વધુમાં તેઓએ આગામી અન્ય ઝોનોમાં થનાર ઝુંબેશ મેળામાં પણ આજ રીતે ભાગીદાર બનવા અને સાથસહકાર આપવા અપીલ કરી સર્વેનો આભાર માન્યો હતો.



આ પ્રસંગે અસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર કુ.જીજ્ઞાશાબેન ત્રિવેદીએ આભારવિધિ કરી વ્યવસાયવેરા વસુલાતમાં યોગદાન આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ઓફિસર શ્રી જરીવાલા, પર્સોનેલ ઓફિસરશ્રી આર.આર. ચૌધરી, મુખ્ય દુકાનધારા નિરીક્ષક શ્રી ડી.સી.પેટલ, સેન્ટ્રલ ઝોનનાં ગુમાસ્તાધારા નિરીક્ષકો તથા અન્ય સ્ટાફ હાજર રહી આ ઝુંબેશને સફળ બનાવવા પ્રયત્નો કર્યો હતા.

આજ રોજ તા.૦૫/૦૫/૨૦૦૭ નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે સમાધાન યોજના અન્વયે ઝુંબેશ મેળાનાં આયોજન દરમ્યાન કુલ : ૨૩૦ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. તથા કુલ : ૬૦ જુના રજીસ્ટ્રેશનની વસુલાત મળી ૨૯૦ સંસ્થાઓ પાસેથી રૂા.૩,૦૫,૬૫૦/– વસુલાત કરવામાં આવેલ છે.

આ અગાઉ વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અતંર્ગત તા.૨૬/૪/૨૦૦૭નાં રોજ વેસ્ટ(રાંદેર) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજી જેમાં ૬૮ વ્યવસાયયો નવા નોંધી તે પેટે રૂા. ૪૮,૭૫૦/– ની વસુલાત, તા.૩૦/૪/૨૦૦૭નાં રોજ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે કુલ ૫૦ વ્યવસાયીઓ તરફથી નવા રજીસ્ટ્રેશન કરી કુલ રૂા. ૯૯,૮૫૦/– વસુલાત તથા તા.૦૨/૦૨/૨૦૦૭નાં રોજ નોર્થ (કતારગામ) ઝોન ખાતે કુલ ૧૫૧ વ્યવસાયીઓ તરફથી નવા રજીસ્ટ્રેશન કરી કુલ રૂા.૨,૨૦,૦૫૦/– વસુલાત કરવામાં આવેલ છે.

હવે પછી આ સમાધાન યોજના હેઠળ ખાસ ઝુંબેશ મેળો અગામી તા.૮/૫/૨૦૦૭ ના રોજ ઈસ્ટ (વરાછા) ઝોન ખાતે તા.૯/૫/૨૦૦૭ના રોજ સાઉથ(ઉધના) ઝોન ખાતે તથા તા.૧૧/૫/૨૦૦૭ નાં રોજ સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન મુકામે યોજાશે, જેનો બાકી કરદાતાઓએ લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

TOP

# પશ્ચિમ ઝોન(રાંદેર),સુરત મહાનગર સેવા સદનની આપત્તિ વ્યવસ્થાપન અંગેની કામગીરી

પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરી દ્વારા ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અંતર્ગત આપવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર, નવા વિસ્તાર સહિત આશરે ૫૧.૦૦ ચો.કી.મી. વિસ્તારમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે એક વર્કશોપનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે આર્ઝીસ હેલ્થ કલબ, અડાજણગામ ચાર રસ્તા નજીક યોજવામાં આવેલ. આ વર્કશોપમાં ધારાસભ્યશ્રી ધનસુખભાઈ પટેલ અને શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા તથા પશ્ચિમ ઝોનના વિસ્તારના તમામ ૧૨ મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહયા હતા. આ ઉપરાંત આ વર્કશોપમા પશ્ચિમ ઝોન કચેરીના અધિકારીઓ સાથે સરકારના અન્ય વિભાગો જેમકે રાંદેર પોલીસ વિભાગ, રાંદેર જી.ઈ.બી. વિભાગ અને ફાયર બ્રિગેડના અધિકારીઓ હાજર રહેલ.

આ વર્કશોપમાં આપત્તિ વ્યવસ્થાપન પૈકી, આપત્તિના પ્રકાર, આપત્તિ વ્યવસ્થાપનની અગત્યતા, પશ્ચિમ ઝોન વિસ્તારની તાપી નદી સાથેની ભૌગોલિક પરિસ્થિતિ, પશ્ચિમ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ નવા વિસ્તારો સહિત નવા ઈલકેશન વોર્ડના ભૌગોલિક સીમાંકનની રૂપરેખાઓનું સુંદર પ્રેઝન્ટેશન બતાવવામાં આવેલ. આપત્તિ વ્યવસ્થાપનના અંગો જેવાકે, આપત્તિ પૂર્વે, આપત્તિ દરમ્યાન અનેઆપત્તિ પછીના વ્યવસ્થાપનના પરિમાણો સમજાવવામાં અવેલ. સાથેસાથે પશ્ચિમ ઝોન વિસ્તારમાં ભૂતકાળના પૂરનો નકશા લેવલ સહિત વિસ્તૃત અભ્યાસ સમજાવવામાં અવેલ. ઈલેકશન વોર્ડ વાઈઝ પૂરની આપત્તિનો વિવરણ સમજાવવામા આવેલ અને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પશ્ચિમ ઝોન વિસ્તારના નવા ઈલે.વોર્ડ નં.૧(રાંદેર–જહાંગીરપૂરા–પિસાદ–જહાંગીરાબાદ), ઈલે.વોર્ડ નં.૧૩(રાંદેર–ગોરાટ),ઈલે.વોર્ડ નં.૧૪(અડાજણ વેસ્ટ),ઈલે.વોર્ડ નં.૧૫( (અડાજણ ઈસ્ટ), અને ઈલે.વોર્ડ નં.૩૮(પાર્ટ) (પાલ ,પાલનપુર, વરીયાવ) ના બનાવવામાં અવેલ ડીઝાસ્ટર એકશન પ્લાનની સમજ આપવામાં આવેલ. આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે રીલીફ સેન્ટરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, નિષ્ણાંત તરવૈયાઓ, બોટ મુકવાના સ્થળો, વાહનો/કામદારોની યાદી, આરોગ્ય વિષયક વ્યવસ્થાપન, જન સહકાર વિગેરે વિષયોની પણ સમીક્ષા કરવામાં આવેલ હતી તથા પશ્ચિમ ઝોન કચેરીનો પ્રિમોન્સુન એકટીવીટી પ્લાન પણ રજુ કરવામાં આવેલ.



આપત્તિ વ્યવસ્થાપનના પ્રેઝન્ટેશન બાદ ધારા સભ્યશ્રીઓ, વોર્ડના મ્યુ.સદસ્યશ્રીઓ તથા સરકારના અન્ય વિભાગોના ઉપયોગી સૂચનો પણ મેળવવામાં આવેલ. અંતે, આપત્તિ વ્યવસ્થાપનના આ એકશન પ્લાનને સફળ બનાવવા તમામ લેવલે તૈયાર રહેવા અને ભવિષ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ,મેડીકલ પ્રકટીસનર્સ ડાંકટર્સ, સેવાભાવી કાર્યકરો વિગેરેને પણ આ એકશન પ્લાનની સમજ નજીકના દિવસોમાં આપવામાં આવશે. જે મુજબની જાહેરાત કરી આજરોજનો આપત્તિ વ્યવસ્થાપનનો વર્કશોપ બપોરે ૧૨:૩૦ કલાકે સફળતાપૂર્વક સંપન્ન કરેલ.

TOP

# વરાછા ઝોનની વ્યવસાય વેરાની ઝુંબેશ



ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૩/૨૦૦૭ નાં હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૦૮/૦૫/૨૦૦૭નાં રોજ ઈસ્ટ (વરાછા) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ ઝુંબેશ મેળાની શરૂઆતમાં ઈ.ચા.મુખ્ય દુકાનધારા નિરીક્ષક શ્રી ડી.સી.પટેલે હાજર રહેલ તમામ વ્યવસાયકર્તાઓને આવકારી આ સમાધાન યોજના અંગે વિસ્તૃત માહિતી આપી બાકી વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધીમાં નવા રજીસ્ટ્રેશન કરાવવા અને વેરો ભરપાઈ કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે આ સમાધાન યોજનાનો બાકી કરદાતાઓ મહત્તમ લાભ લ્યે તે માટે હાજર રહેલ વ્યવસાયકર્તાઓને પણ તેઓનો તથા આસપાસની સંસ્થાઓ કે મિત્ર/સંબંધીઓને પણ સમાધાન યોજનાની જાણકારી આપી વ્યવસાય વેરો ભરાવવા અંગે ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.) અને નોડલ ઓફિસર(વ્યવસાય વેરા) શ્રી સી.જે.ગામીતે અપીલ કરી હતી.

આ પ્રસંગે ઝોનલ ચીફ શ્રી.જે.કે.શાહે પણ હાજર રહેલ તમામ વ્યવસાયકર્તાઓને આવકારી પોતાના પ્રાંસગિક પ્રવચનમાં વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અન્વયે જે વ્યવસાયીઓએ પોતાનો વ્યસાય વેરા ભરવાનો બાકી હોય અને વેરો ભરવાને પાત્રતા ધરાવતા હોય તેવા વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધી તેઓનો વ્યવસાય વેરો ભર્યેથી વ્યાજ તેમજ દંડની રકમ ભરવામાંથી મુકિતની સરકારશ્રીએ જાહેરાત કરી છે તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી.

એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર શ્રી યોગેશભાઈ દેસાઈએ આભારવિધિ કરી વ્યવસાયવેરા વસુલાતમાં તમામ વ્યવસાયકર્તાઓને સહભાગી થવા જણાવ્યુ હતું. આ પ્રસંગે પર્સોનલ ઓફિસર શ્રી જગદીશભાઈ પટેલ, ગુમાસ્તાધારા નિરીક્ષકો તથા અન્ય સ્ટાફ હાજર રહી આ ઝુંબેશને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા.



તા.૦૮/૦૫/૨૦૦૭ નાં રોજ ઈસ્ટ (વરાછા) ઝોન ખાતે સમાધાન યોજના અન્વયે ઝુંબેશ મેળાનાં આયોજન દરમ્યાન કુલ : ૨૨૨ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રેશન કરી તે પેટે રૂા ૨,૧૨,૬૦૦/–વસુલ કરવામાં આવેલ છે તથા કુલ : ૫૪ જુના રજીસ્ટ્રેશનની વસુલાત પેટે ૩૩,૦૦૦/–ની વસુલાત થયેલ છે.આમ કુલ ૨૭૬ સંસ્થાઓ પાસેથી રૂા.૨,૪૫,૬૦૦/– વસુલાત કરવામાં આવેલ છે.

હવે પછી આ સમાધાન યોજના હેઠળ ખાસ ઝુંબેશ મેળો અગામી તા.૯/૫/૨૦૦૭ ના રોજ સાઉથ (ઉધના) ઝોન ખાતે તા.૧૧/૫/૨૦૦૭ના રોજ સાઉથ ઈસ્ટ(ઉધના) ઝોન મુકામે યોજાશે, જેનો બાકી કરદાતાઓએ લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

TOP